# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી


સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૨૦/૧૦૦ તા.૨૮/૦૨/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

ભાવનગર

વિષય : ક્લાયમેટ ચેંજ એક દિવસીય રાજ્યસ્તરીય પરિસંવાદમાં ભાગ લેવા બાબત.

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રાંક :

રસચ/યુનિ.કક્ષા/પરિસંવાદ/૨૦૨૦/૪૬૫-૫૦૩ તા.૨૭/૦૨/૨૦૨૦

ઉપરોક્ત વિષય તથા સદંર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે તા.૧૨/૦૩/૨૦૨૦ ના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે પૂ.બા-બાપુ ૧૫૦ અને ગુજરાત વિદ્યાપીઠ સતાબ્દી વર્ષ નિમિત્તે એક દિવસીય રાજ્યસ્તરીય પરિસંવાદ ક્લાયમેટ એક્શન અને ગાંધીયન અભિગમનું આયોજન કરવામાં આવેલ હોય તેમાં સ્વૈચ્છિક જોડાવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ, અધ્યાપકો, પર્યાવરણ કાર્યકરો અને વિષય નિષ્ણાતોએ તા.૨૯/૦૨/૨૦૨૦ સુધીમાં આ સાથે સામેલ રજીસ્ટ્રેશન(નિ:શુલ્ક) ફોર્મ મુજબ રજીસ્ટ્રેશન કરાવવાનું તેમજ નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે. ઉક્ત કાર્યક્રમ અંગેની વિગતવાર માહિતી, કાર્યક્રમની રૂપરેખા અને રજીસ્ટ્રેશન ફોર્મ આ સાથે સામેલ છે.

<u>બિડાણ</u> : ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી-સદર કચેરી

Scanned by CamScanner

ક્રઃ૨૨સગ/યુનિ.કક્ષા/પરિસંવાદ/૨૦૨૦/૪૬૫-૫૦૩
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં.૧૨/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.૨૭/૦૨/૨૦૨૦.

પ્રતિ,
પ્રોગ્રામ કૉ-ઓર્ડિનેટર,
સંબંધિત તમામ યુનિવર્સિટી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ જિલ્લા.

વિષયઃ ક્લાયમેન્ટ ચેંજ પરિસદમાં ભાગ લેવા બાબત

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે તા.૧૨/૦૩/૨૦૨૦ ના રોજ ગુજરાત વિધાપીઠ, અમદાવદ ખાતે પૂબા-બાપુ ૧૫૦ અને ગુજરાત વિધાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે એક દિવસીય રાજ્યસ્તરીય પરિસંવાદ ક્લાયમેટ એક્શન અને ગાંધીયન અભિગમનુ આયોજન કરવામાં આવેલ હોય તેમાં સ્વૈચ્છિક જોડાવવા ઈચ્છુક વિધાર્થીઓ,અધ્યાપકો,પર્યાવરણ કાર્યકરો અને વિષય નિષ્ણાતોએ તા.૨૯/૦૨/૨૦૨૦ સુધીમાં નિયત નોધણીપત્ર ભરીને રજીસ્ટ્રેશન(નિઃશુલ્ક) કરાવવનું રહેશે.જે અંગેની વિગવાર માહિતી,કાર્યક્રમની રૂપરેખા તથા રજીસ્ટ્રેશન ફોર્મ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

અધિક કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

Scanned with CamScanner

પૂ.બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે
આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય
ગાંધીનગર અને પર્યાવરણમિત્ર
દ્વારા આયોજિત
એક દિવસીય રાજ્યસ્તરીય પરિસંવાદ

# કલાયમેટ એકશન અને ગાંધીયન અભિગમ

તા-૧૨-૩-૨૦૨૦, ગુરૂવાર

માનનીયશ્રી,

પૂ.બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગર અને પર્યાવરણમિત્ર દ્વારા "કલાયમેટ એકશન અને ગાંધીયન અભિગમ" વિષય પર તા.૧૨-૩-૨૦૨૦, ને ગુરૂવારના રોજ એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

'પૃથ્વી પાસે દરેકની જરૂરિયાત સંતોષવા પૂરતું છે, કોઈનો લોભ સંતોષવા નહી" ગાંધીજીનું વર્ષો પહેલાનું આ વાક્ય આજની પર્યાવરણીય પરિસ્થિતિનો ચિતાર અને ઉકેલ આપે છે. આજે પૂજ્ય ગાંધીજીની ૧૫૦ મી જયંતિએ કલાયમેટ ઈમરજન્સી અનુભવી રહેલું વિશ્વ, આજે ગાંધીજીના વિચારો અને અભિગમને એક આશા સાથે જોઈ રહ્યું છે કારણ ગાંધીવિચારો સૌને માટે સબંધિત છે – કલાયમેટ એક્શન, વધતું પ્રદૂષણ, ઘટતા જંગલો, સંપોષિત વિકાસના હેતુઓ (SDG), કલાયમેટ જસ્ટીસ – ગાંધીજીના લખાણો અને ઉદાહરણોમાં દરેકનો ઉકેલ પ્રતિબિંબિત થાય છે

ગરીબી અને ભૂખમરાને સમાપ્ત કરવા, શિક્ષણ, આરોગ્ય અને રોજગારની પ્રાપ્તિ, જાતિ અને આવકની સમાનતા પ્રાપ્ત કરવા, આબોહવા પરિવર્તનનો સામનો કરવા અને પર્યાવરણ મૈત્રીપૂર્ણ જીવનશૈલી અપનાવવા, ટકાઉ વિકાસ માટે સ્થાનિક અને વૈશ્વિક ભાગીદારી કરવા સહિતના SDG લક્ષ્યો ગાંધીજીના દૃષ્ટિકોણ અને વિચારોમાં દ્રશ્યમાન થયા છે. આજની પર્યાવરણીય સમસ્યાઓનો ઉકેલ તેમણે સાદા સિદ્ધાંતો થકી આપ્યો છે, જેને સમજદારીથી અમલી બનાવવાની જરૂર છે. આ પરિપ્રેક્ષ્યમાં વિચાર વિર્મશ કરવા માટે પ્રસ્તુત પરિસંવાદમાં નીચેના વિષયાંગને કેન્દ્ર સ્થાને રાખીને વિસ્તૃત ચર્ચા થવાનો અવકાશ છે.

(૧) કલાયમેટ એકશન – શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા

(૨) કલાયમેટ એકશન અને ગાંધી વિચાર

(૩) વૈશ્વિક સમસ્યા અને સ્થાનિક ઉકેલો

(૪) કલાયમેટ ઇમરજન્સી અને કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન

Scanned with CamScanner

ઉપરોક્ત વિષય પર વિદ્યાર્થીઓ, અધ્યાપકો, પર્યાવરણ કાર્યકરો અને વિષય નિષ્ણાતો પોતાના વિચારો રજૂ કરશે. તેમજ પરિસંવાદના પ્રતિભાગીઓ સંશોધનપત્રો દ્વારા પોતાના વિચારોની સહભાગિતા કરી શકશે. આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓ, અધ્યાપકો, પર્યાવરણ કાર્યકરો અને વિષય નિષ્ણાતોએ તા.૨૯-૨-૨૦૨૦ સુધીમાં નિયત નોંધણીપત્ર ભરીને રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. આપનો સંશોધન લેખ gandhianapproch@gmail.com ઇ-મેલ પર મોકલી શકાશે. સંશોધન લેખ ગુજરાતી ભાષામાં શ્રુતિ ફોન્ટ, હિન્દી ભાષામાં મંગલ ફોન્ટ અને અંગ્રેજી ભાષામાં ટાઇમ્સ ન્યુ રોમન ફોન્ટમાં તૈયાર કરી PDF ફાઇલમાં ઉપરોક્ત ઇ-મેલ પર મોકલી આપશો. નિયત તારીખ પછીથી મોકલેલ કે આ સિવાયના ફોન્ટમાં મોકલેલ સંશોધન લેખ સ્વીકાર્ય થશે નહી.

નોંધ – (૧) પરિસંવાદમાં દરેક પ્રતિભાગી માટે નોંધણી (રજીસ્ટ્રેશન) નિ:શુલ્ક રહેશે.

(૨) આપના આગમનની જાણ ડૉ.શેતલબેન બડોદિયા – 9824261742 અથવા ડૉ.અરૂણભાઇ ગાંધી – 9428214260

## કાર્યક્રમની રૂપરેખા

| ક્રમ | સમય | વિગત |
|---|---|---|
| 1 | 9:00 to 10:00 | રજીસ્ટ્રેશન |
| 2 | 10:00 to 11:00 | ઉદ્ઘાટન કાર્યક્રમ |
| 3 | 11.00 to 11.15 | વિરામ |
| 4 | 11:15 to 12:15 | સત્ર – ૧ |
| 5 | 12:15 to 1:15 | સત્ર-૨ |
| 6 | 1.15 to 2.15 | ભોજન |
| 7 | 2.15 to 4.15 | સત્ર – 3 પેપર – પ્રેઝન્ટેશન(સમાંતર સત્રો) |
| 8 | 4.15 to 4.30 | ચા વિરામ |
| 9 | 4.30 to 5.00 | સમાપન કાર્યક્રમ |

Scanned with CamScanner

પૂ.બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે

આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય

ગાંધીનગર અને પર્યાવરણમિત્ર

દ્વારા આયોજિત

એક દિવસીય રાજયસ્તરીય પરિસંવાદ

# કલાયમેટ એક્શન અને ગાંધીયન અભિગમ

તા-૧૨-૩-૨૦૨૦, ગુરૂવાર

---

## રજીસ્ટ્રેશન ફોર્મ

(૧) નામ : ..............................................................................................

અંગ્રેજી કેપીટલમાં નામ : ..............................................................................................

(૨) સરનામું : ..............................................................................................

..............................................................................................

..............................................................................................

(૪) સંપર્ક : મો .................................................. ફોન નં. ..................................................

(4) ઈ-મેઈલ : ..............................................................................................

(5) સંસ્થાનું નામ અને સરનામું : ..............................................................................................

..............................................................................................

..............................................................................................

(૬) હોદ્દો : ..............................................................................................

(૭) શૈક્ષણિક લાયકાત : ..............................................................................................

(૮) સંશોધન પત્ર રજૂ કરવાના છો? હા/ના : ..............................................................................................

(૯) જો "હા" તો વિષય : ..............................................................................................

..............................................................................................

..............................................................................................

(૧૦) અન્ય : ..............................................................................................

સ્થળ: ..................................... સહી: .....................................

તારીખ: .....................................

Scanned with CamScanner